# સીએનજીમાં પ્રતિ કિલો ૧૫ રૂપિયાનો ઘટાડો



નવી દિલ્હી,તા. ૩

કેન્દ્રની યુપીએ સરકારે એક પછી એક રાહતો લોકોને આપવાની શરૂઆત કરી દીધી છે. આજે લોકોને એક મોટી રાહત આપીને કમપ્રેસ્ડ નેચરલ ગેસ (સીએનજી)ની કિંમતમાં આશરે ૩૦ ટકા એટલે કે ૧૫ રૂપિયા પ્રતિ કિલોગ્રામ અને રાંધણગેસ તરીકે ઉપયોગ થતાં પાઈપ્ડ નેચરલ ગેસ (પીએનજી)ની કિંમતમાં આશરે ૨૦ ટકા એટલે કે પાંચ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. દિલ્હી અને અમદાવાદ જેવા શહેરોમાં ફ્યુઅલ રિટેલર્સને સસ્તા ગેસ આપવાને લઈને આ નિર્ણય લેવામાં આવ્યો છે. પેટ્રોલિયમ પ્રધાન એમ વિરપ્પા મોઈલીએ કહ્યું હતું કે, સરકારે નેચરલ ગેસની ફાળવણી વર્તમાન ૮૦ ટકાની મર્યાદાથી વધારીને ૧૦૦ ટકા કરવાનો નિર્ણય કર્યો છે. મોઈલીની આ હિલચાલને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. પેટ્રોલિયમ પ્રધાન મોઈલીનું કહેવું છે કે, સીએનજી અને પીએનજીની કિંમતોમાં કરવામાં આવેલો ઘટાડો તાત્કાલિક રીતે અમલી બનશે.

મોઈલીના જણાવ્યા મુજબ દેશભરના ઘણા શહેરોમાં પ્રદૂષણના સતત વધતા સ્તરને ધ્યાનમાં લઈને કિંમતોમાં ઘટાડો કરવાનો આ નિર્ણય લેવામાં આવ્યો છે. લોકો સીએનજી અને પીએનજીના ઉપયોગ પ્રત્યે પ્રોત્સાહિત થાય તે પણ આની પાછળ હેતુ રહેલો છે. તેમણે કહ્યું હતું કે, આ પગલાથી સૌથી વધુ લાભ એવા શહેરોને થશે જે આયાત કરવામાં આવતા એલએનજીનો ઉપયોગ કરે છે. મોઈલીએ કહ્યું હતું કે, હવે દિલ્હીમાં સીએનજીના ડિસ્ટ્રીબ્યુટર સરકાર દ્વારા સંચાલિત ઈન્દ્રપ્રસ્થ ગેસ લિમીટેડ તથા અન્ય શહેરોમાં સક્રીય ગેસ વિતરણ કંપનીઓને સ્થાનિક ગેસ ઓછી કિંમતો પર મળશે. દરેક શહેરમાં સ્થાનિક કરવેરા મુજબ ગેસના વાસ્તવિક ભાવ જુદા-જુદા હોઈ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સીએનજી અને પીએનજીની કિંમતમાં છેલ્લે ગયા વર્ષે ૨૬મી ડિસેમ્બરના દિવસે ક્રમશઃ ૪.૫૦ રૂપિયા પ્રતિકિલો અને ૫.૧૫ રૂપિયા પ્રતિના દરે વધારો કરવામાં આવ્યો હતો. આ અગાઉ પણ સપ્ટેમ્બર ૨૦૧૩માં સીએનજી અને પીએનજીની કિંમતમાં વધારો કરવામાં આવ્યો હતો.

## ઓસ્કાર વિજેતા ફિલિપ હાપમેનનું મોત નિપજ્યું

ન્યુયોર્ક,તા.૩

ઓસ્કાર વિજેતા અમેરિકી અભિનેતા ફિલીપ સેમર હાપમેનનું રહસ્યમય સંજોગોમાં મોત થઈ ગયું છે. રવિવારના દિવસે ફિલિપ ન્યૂયોર્ક સ્થિત એપાર્ટમેન્ટમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા. પ્રાથમિક રીતે આ મામલો ડ્રગ્સ ઓવરડોઝનો હોવાનું જાણવા મળી રહ્યું છે. તેમના મૃતદેહની પાસેથી એક ઈન્જેક્સન કબજે કરવામાં આવ્યા બાદ તર્કવિતર્કોનો દોર શરૂ થયો છે. સાથે સાથે આને લઈને તપાસ પણ હાથ ધરવામાં આવી છે. તેમના મૃતદેહ નજીકથી એક પડીકું પણ મળી આવ્યું છે જેમાં હેરોઈન હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. અમેરિકામાં કાયદાકીય પ્રવક્તાએ કહ્યું છે કે તેઓ ૪૬ વર્ષના હતા. એક અધિકારીએ નામ જાહેર નહીં કરવાની શરતે કહ્યું છે કે હાપમેનના મૃત્યુના કારણની તપાસ કરવામાં આવી રહી છે. અધિકારીએ કહ્યું છે કે સવારે ૧૧.૧૫ વાગે આ અભિનેતાના મિત્ર તરફથી ફોન મળ્યા બાદ પોલીસ મેનહટનના વેસ્ટ વિલેજ સ્થિત આવાસ ઉપર પહોંચી હતી. વોલસ્ટ્રીટ જનરલે આ અહેવાલ અંગે ખુલાસો કરતા કહ્યું છે કે હાપમેન પોતાના એપાર્ટમેન્ટના બાથરૂમમાં મૃત મળી આવ્યા હતા. તેમના હાથમાં ઈન્જેક્શન લગાવવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. વર્ષ ૨૦૦૫માં હાપમેનને સર્વશ્રેષ્ઠ અભિનેતા માટેનો ઓસ્કાર એવોર્ડ મળ્યો હતો. આ ઉપરાંત હાપમેનને સર્વશ્રેષ્ઠ સહાયક અભિનેતાના એવોર્ડ માટે ત્રણ વખત ઓસ્કારમાં નોમીનેશનનું ગૌરવ પણ મળ્યું હતું. ફિલિપ હાપમેનના મોતના મામલામાં ઊંડી તપાસ હાથ ધરવામાં આવી છે. જો કે રહસ્યમય સંજોગોમાં મૃત મળ્યા બાદ પ્રાથમિક રીતે જાણવામાં આવ્યું છે કે ડ્રગ્સ ઓવરડોઝના લીધે તેમનું મોત થયું છે. જુદી જુદી તપાસ સંસ્થાઓ દ્વારા આ મામલાંમાં તપાસ હાથ ધરાઈ છે.

# ૧૫મી લોકસભામાં માત્ર ૧૬૫ બિલ પસાર થયા છે

### મનમોહનસિંહના નેતૃત્વમાં કેન્દ્રની યુપીએ સરકાર માટે નિરાશાજનક સમાચાર : લોકસભામાં ૭૨ બિલ પેન્ડીંગ

નવી દિલ્હી,તા.૩

૧૫મી લોકસભાની અવધી પૂર્ણ થવાને આરે પહોંચી ગઈ છે. એક મહિનાથી પણ ઓછો સમય તેની અવધી પૂરી થવા આડે રહી છે ત્યારે ૧૫મી લોકસભા સૌથી નિરાશાજનક દેખાવ સાથે પૂર્ણ થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. ૧૫મી લોકસભામાં ખૂબ ઓછી સિદ્ધિઓ પ્રાપ્ત થઈ છે. જુદી જુદી લોકસભાની વાત કરવામાં આવે તો ૧૫મી લોકસભામાં પસાર કરવામાં આવેલા બિલની સંખ્યા ૧૬૫ રહી છે. જ્યારે દરેક લોકસભાની અવધીના અંતે બાકી રહી ગયેલા બિલોની સંખ્યા ૭૨ નોંધાઈ છે. આને લઈને ભારે હોબાળો મચેલો છે. પીઆરએસ લેઝીસલેટીવ રિસર્ચમાં જણાવવામાં આવ્યું છે કે ૧૪મી લોકસભાના અંતે ૩૯ બિલ બાકી રહી ગયા હતા જ્યારે ૧૩મી લોકસભાના અંતે ૪૩ બિલ બાકી રહી ગયા હતા અને ૧૨મી લોકસભાના અંતે ૨૦ બિલ બાકી રહી ગયા હતા. ૧૫મી લોકસભામાં ખૂબ જ નિરાશાજનક દેખાવ રહ્યો છે. માત્ર ૧૬૫ બિલ પાંચ વર્ષની અવધીમાં પસાર થઈ શક્યા છે. સંસદમાં ૧૨૬ બિલ પેન્ડીંગ રહેલા છે જેપૈકી નીચલા ગૃહમાં ૭૨ બિલ પેન્ડીંગ રહેલા છે. આનો મતલબ એ થયો કે જ્યારે નવી લોકસભાની રચના કરાશે ત્યારે આ બિલ મૃતહાલતમાં થઈ જશે. જ્યારે બાકીના ૫૪ બિલ રાજ્યસભામાં છે. આ બિલની ગણતરી હજુ પણ થઈ શકે છે. નિરાશાજનક બાબત એ છે કે ઈન્ડિયન મેડીકલ કાઉન્સીલ બિલ ૧૯૮૭થી પસાર થવા માટે વેઈટીંગ સ્થિતિમાં છે. પીઆરએસ રિસર્ચ મુજબ હાલત ખૂબ જ ચિંતાજનક બનેલી છે. પાંચમી લોકસભાની અવધી દરમિયાન સૌથી મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરવામાં આવી હતી. પાંચમી લોકસભાની અવધિ દરમિયાન તેના ગાળામાં ૪૮૨ બિલ પસાર કરવામાં આવ્યા હતા જ્યારે ૧૨મી લોકસભામાં માત્ર ૫૬ બિલ પાસ થયા હતા. વડાપ્રધાન મનમોહનસિંહને ખૂબ જ અનુભવી નેતા તરીકે ગણવામાં આવે છે. પરંતુ સિંહ પણ બંધારણીય સુધારણા બિલને પસાર કરવામાં સફળ નહીં થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા કપીલ સિબ્બલના ત્રણ વર્ષના ગાળા દરમિયાન ઘણા બિલ રજૂ કરાયા હતા જે પૈકી ૧૩ બિલ સંસદમાં પેન્ડીંગ છે. આ પૈકી લોકસભામાં ૧૧ બિલ પેન્ડીંગ છે જે હવે ઈતિહાસ બની જશે. આ બિલમાં હાયર એજ્યુકેશન એન્ડ રિસર્ચ બિલનો સમાવેશ થાય છે. જ્યુડીશીયલ એપોઈમેન્ટ કમીશન બિલ અને બંધારણીય સુધારાબિલ રાજ્યસભામાં મંજૂરીની રાહ જોઈ રહ્યા છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી ભ્રષ્ટાચારને નહીં ચલાવી લેવાની વાત કરી રહ્યા છે પરંતુ ઘણા બિલ હજુ અટવાયેલા છે.

વિરોધનો સામનો કરી રહેલા આરટીઆઈ સુધારા બિલ પણ વિરોધ પક્ષોના કારણે મુશ્કેલીમાં છે.

**શીખ સમુદાયના લોકોના દેખાવ**

## રાહુલના આવાસની બહાર દેખાવો થયા



કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીના નિવાસસ્થાનની બહાર સેંકડો લોકોએ જોરદાર દેખાવ કર્યા હતા અને આ લોકોએ વર્ષ ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણમાં સામેલ રહેલા કોંગ્રેસી નેતાઓના નામ જાહેર કરવા અને તેમની સામે પગલા લેવાની જોરદાર માંગ કરી હતી. શીખ સમુદાયના લોકો રાહુલના નિવાસ સ્થાનની બહાર ભેગા થયા હતા જેના કારણે સાવચેતીના પગલારૂપે સુરક્ષા વ્યવસ્થા પહેલાથી જ મજબુત કરી દેવામાં આવી હતી. અહેવાલમાં જાણવામાં આવ્યું છે કે શીખ સમુદાયના લોકો ખુબ જ નારાજ દેખાઈ રહ્યા હતા હાલમાં જ એક ટીવી ઈન્ટરવ્યૂમાં રાહુલે કહ્યું હતું કે શીખ વિરોધી રમખાણમાં કેટલાક કોંગ્રેસી નેતાઓ સામેલ હતા જે લોકો રાહુલ ગાંધીના નિવાસસ્થાનની બહાર દેખાવોમાં જોડાયા હતા આ તમામ લોકોએ રાહુલ ગાંધીની સામે જોરદાર સુત્રોચ્ચાર કર્યા હતા.

# વિજ્ઞાનને પ્રોત્સાહન આપવા માટે ખર્ચ વધારવાની જરૂર : વડાપ્રધાન

જમ્મુ,તા.૦૩

વિજ્ઞાનને પ્રોત્સાહન આપવા માટે વધારે પ્રમાણમાં નાણાંની જરૂરિયાતની તરફેણ કરતાં વડાપ્રધાન મનમોહનસિંહે આજે કહ્યું હતું કે, વિજ્ઞાન અને ટેક્નોલોજી પર દેશનો વાર્ષિક ખર્ચ જીડીપીના બે ટકા સુધી રહે તે ખૂબ જ જરૂરી છે. મનમોહનસિંહે કહ્યું હતું કે, છે. સિંહે કહ્યું હતું કે, દક્ષિણ કોરિયા જેવા દેશમાં ઉદ્યોગોનું યોગદાન ખૂબ જ વધારે રહ્યું છે. જ્યાં જીડીપીના મોટાભાગની રકમ વિજ્ઞાન પ્રત્યે ખર્ચ કરવામાં આવે છે. ૧૦૧મી ભારતીય વિજ્ઞાન કોંગ્રેસના ઉદ્‌ઘાટન સત્રને સંબોધતા વડાપ્રધાને કહ્યું હતુંકે, ભારત સર્ન, યુરોપિયન પરમાણુશોધ સંગઠનમાં



વિજ્ઞાન તરફ પ્રાથમિક્તા આપવામાં આવે તે અતિજરૂરી છે. વિજ્ઞાન અને ટેક્નોલોજી ઉપર ખર્ચમાં વધારો કરવામાં આવે તે પણ અતિજરૂરી છે. સરકાર અને ઉદ્યોગોથી રકમ મળે તે પણ જરૂરી સામેલ થઈ રહ્યું છે. ભારત દુનિયાના મહત્વપૂર્ણ સંશોધન અને વિકાસ પરિયોજનામાં આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક સમુદાયથી જોડાણ કરવા જઈ રહ્યું છે. ભારત ખૂબ જ ઝડપથી વિજ્ઞાનના ક્ષેત્રમાં આગળ વધી રહ્યું છે.

સિંહે કહ્યું હતું કે, તમિલનાડુમાં ૧૪૫૦ કરોડ રૂપિયાના ખર્ચથી ન્યુટ્રીનો આધારિત પ્રયોગશાળા સ્થાપિત કરવામાં આવનાર છે. ભારત સહયોગી સભ્ય તરીકે સર્નમાં સામેલ છે. તેમણે એમપણ કહ્યું હતું કે, ચંદ્ર અભિયાન અને મંગળ અભિયાન અંતરીક્ષ ક્ષેત્રમાં અમારા વ્યાપક પ્રયાસોની સાબિતી આપે છે. ૧૩ મિનીટની અંદર સુનામી સાથે સંકળાયેલી ગતિવિધિ અંગે ચેતવણી આપવાની ક્ષમતા અમે હાંસલ કરી ચુક્યા છીએ. સિંહે કહ્યું હતું કે, હિંદમહાસાગરમાં વર્ષ ૨૦૦૪માં સુનામી બાદ અમે વિજ્ઞાન મંત્રાલયની રચના કરવા અને ૨૦૦૭માં સુનામીની ચેતવણી આપવાના વિશ્વસત્રીય પ્રણાલીમાં મૂડીરોકાણ કરી ચુક્યા છીએ. વડાપ્રધાને કહ્યું હતું કે, ફાસ્ટબ્રિડર રિએક્ટરના વિકાસના પ્રયાસમાં ભારતીય પરમાણુ વૈજ્ઞાનિક વૈશ્વિક સ્તર ઉપર ધ્યાન આકર્ષિત કરી રહ્યા છે.

## માછીમારોને આધુનિક નૌકા આપવાની તૈયારી

નવી દિલ્હી,તા.૦૩

શ્રીલંકન નૌકાસેના દ્વારા વારંવાર કરવામાં આવતા હુમલાના અનુસંધાનમાં કેન્દ્ર સરકાર હવે માછીમારોને આધુનિક નૌકાઓ આપવાના મુદ્દા ઉપર વિચારણા કરી રહી છે. ટૂંકસમયમાં જ આ સંદર્ભમાં અંતિમ નિર્ણય લેવામાં આવે તેવી શક્યતાઓ દેખાઈ રહી છે. પત્રકારો સાથે વાતચીત કરતા વાણિજ્ય અને ઉદ્યોગ માટેના પ્રધાન સુદર્શન નચીયાપને કહ્યું છે કે, કેન્દ્ર સરકારે માછીમારો ઉપર કરવામાં આવી રહેલા હુમલાઓની નોંધ લીધી છે. માછીમારોને અતિઆધુનિક સાધનો ઉપલબ્ધ કરાવવાની દિશામાં પણ હિલચાલ ચાલી રહી છે. દરિયામાં ઉંડે સુધી માછીમારો જઈ શકે તેવી વ્યવસ્થા કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. તેમના દ્વારા સામનો કરવામાં આવી રહેલા સમસ્યાઓની નોંધ લેવામાં આવી છે અને આ સમસ્યાઓને વહેલી તકે ઉકેલવામાં આવશે.

# પીએફ, ગ્રેજ્યુએટી, બોનસ તેમજ પેન્શનને લઈ ટૂંકમાં મોટી જાહેરાત

નવી દિલ્હી,તા. ૩

યુપીએ સરકાર હવે લોકસભાની ચૂંટણીના મૂડમાં દેખાઈ રહી છે. આગામી બે સપ્તાહમાં અનેક મહત્વપૂર્ણ જાહેરાતો કરવામાં આવી શકે છે. આ લોકલક્ષી જાહેરાતોને લઈને અંતિમ તબક્કાની ગણતરી ચાલી રહી છે. ૧૫ દિવસની અંદર પીએફ, ગ્રેજ્યુએટી, બોનસ અને પેન્શનને લઈને મોટી જાહેરાત કરવામાં આવી શકે છે. કેટલાકની જાહેરાત બુધવારના દિવસે કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. જે રાહત લોકોને આપવામાં આવનાર છે તેમાં નવા લઘુત્તમ પગાર, અશ્યુર્ડ મિનિમમ પેન્શન અને ગ્રેજ્યુએઈટી, પ્રોવિડંડ ફંડ, બોનસ અને હેલ્થકેર જેવા કર્મચારી લાભ માટે ઊંચા પગાર મર્યાદા જેવા પગલાંનો સમાવેશ થાય છે. કેન્દ્ર સરકાર ઘણા વર્ષથી આ પૈકીના મોટાભાગના લોકલક્ષી નિર્ણયોને ટાળતી રહી છે. આનાથી ગયા વર્ષે મજૂર યુનિયનોને દેશવ્યાપી હડતાળ કરવાની ફરજ પડી હતી. હવે સરકાર આ તમામ લોકલક્ષી જાહેરાતોને વહેલી તકે અમલી બનાવવાના મૂડમાં દેખાઈ રહી છે. કારણ એ છે કે થોડાક મહિનામાં લોકસભાની ચૂંટણી યોજાનાર છે. અને સરકાર ચૂંટણી આચાર સહિતા અમલી બને તે પહેલા વર્કિંગ ક્લાસ માટે પેકેજ લાવવા ઈચ્છુક છે. પાંચમી ફેબ્રુઆરીના દિવસે એમ્પ્લોઈઝ પ્રોવિડંડ ફંડની બેઠક બોલાવવામાં આવી છે. આમા શ્રમ પ્રધાન ઓસ્કાર ફર્નાન્ડીડ ૮.૮૭ કરોડ ઈપીએફ ખાતા ધારકો માટે ૧૦૦૦ રૂપિયાની માસિક પેન્શન યોજનાની જાહેરાત કરી શકે છે. મેન્ડેટરી પીએફ કન્ટીબ્યુશન માટે માસિક પગાર મર્યાદાને ૬૫૦૦થી વધારીને ૧૫ હજાર રૂપિયા કરવામાં આવે તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. આનાથી લોકોના રિટાયરમેન્ટના ફંડમાં વધારે નાણાં જમા થશે. આ અગાઉ નાણાં પ્રધાન આ બંને દરખાસ્તોનો વિરોધ કરી રહ્યું હતું પરંતુ ૨૧મી જાન્યુઆરીના દિવસે શ્રમ મંત્રાલયને પત્ર લખીને આને મંજૂરી આપી દીધી છે. ગ્રેજ્યુએટી કન્ટ્રીબ્યુશન માટે પણ સેલેરી લિમિટને વધારીને ૧૫ હજાર સુધી કરવામાં આવી શકે છે.

આમા છેલ્લે ૨૦૦૧માં ફેરફાર કરવામાં આવ્યા હતા. ફર્નાન્ડીસે એપ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન અથવા ઈએસઆઈસીના સભ્યોને બોલાવ્યા છે. આ સંસ્થા મેડીકલ કેર અને અનએપ્લોઈમેન્ટ ઈન્સ્યોરન્સ લાભ આપે છે. તેમની સાથે યોજાનારી બેઠક ફેબ્રુઆરીના બીજા સપ્તાહમાં યોજાશે. ઈએસઆઈસી લાભ માટે સેલરી લિમિટને ૧૫ હજાર રૂપિયા માસિકથી વધારીને ૨૫ હજાર રૂપિયા મહિને કરવાની યોજના છે. પ્રધાનને આશા છે કે આના માટે કંપનીઓ માની જશે. આનાથી ઈએસઆઈસી હેઠળ વધુ ૫૦ લાખ કર્મચારી આવી જશે. હજુ સુધી આ હેઠળ ૧.૭ કરોડ લોકોને આવરી લેવામાં આવ્યા છે. બીજી બાજુ કર્મચારીઓનું કહેવું છે કે જે લોકો મહિનામાં ૧૫ હજારથી ૨૫ હજાર રૂપિયા કમાઈ રહ્યા છે તેમને રાજ્ય સરકાર તરફથી ઈન ઈફીશીયન્ટ હેલ્થકેર આપવાની પણ યોજના છે. તેમનું કહેવું છે કે આનાથી એમ્પ્લોઈઝની ટેકહોમ્સ સેલરીમાં ૬.૫ ટકાનો ઘટાડો થઈ શકે છે. ૨૦૧૩-૧૪માં ઈપીએફઓ બોર્ડ પ્રથમ વખત ૧૫ દિવસ પહેલાં મળ્યા બાદ તેમાં જુદા જુદા પાસાંઓ ઉપર ચર્ચા થઈ હતી જયારે ઈએસઆઈસીની બેઠક ૨૮મી જાન્યુઆરીના દિવસે યોજાઈ હતી. ફર્નાન્ડીસ પહેલા સીસરામ ઓલા શ્રમ પ્રધાન હતા અને ડિસેમ્બર-૧૩માં તેમનું અવસાન થયું હતું જેથી ઈપીએફઓ બોર્ડની બેઠક યોજાઈ શકી ન હતી.



૨૮મા સૂરજકુંડ આંતરરાષ્ટ્રીય ક્રાફટ મેળાનો આજે ફરીદાબાદના સૂરજકુંડ ખાતે આરંભ થયો હતો. આ મેળો પંદર દિવસ ચાલશે. જેમાં ભારત અને વિદેશના કલા નિપુણ કારીગરો પોતાની કારીગરી પ્રસ્તુત કરશે. તસવીરમાં ઉસબેકીસ્તાનના કલાકારો પંજાબના કલાકારો સાથે દૃશ્યમાન થાય છે.

**વિચારયાત્રા** (ચોથા પાનાનું ચાલુ...)

નિર્માણમાં એવા પથ્થરોનો ઉપયોગ કરવામાં આવ્યો જે આ પ્રતિધ્વનિ વધુ સારી રીતે કરી શકે.

ઘણા લોકોને જોયા છે જે એક રિચ્યુઅલ મુજબ એટલે કે જેમ દરરોજ સવારે ઠીને નહાવાનું, ખાવાનું એ જ રીતે મંદિરે જવાનું એ જ યંત્રવત્તાથી મંદિર જતા હોય છે. મંદિરમાં પ્રવેશી, માથું ટેકવી અને બહાર નીકળી જતા હોય છે. કેટલાક લોકો મંદિર પાસેથી પસાર થાય ત્યારે બહારથી જ માથું નમાવી લેતા હોય છે. અહીં તેમની ટીકા કરવાનું પ્રયોજન નથી. કમસે કમ આ બહાને ઘડીભર માટેય તેમને ઈશ્વરની યાદ આવી જાય છે એ પણ કંઈ નાનીસૂની વાત નથી, પણ મંદિરોના સર્જન પાછળનો હેતુ આટલો જ નહોતો. મંદિરમાં જવાની, બેસવાની એક રીત છે. મંદિરમાં કે કોઈ પણ પૂજાસ્થળમાં આસન પર બેસવામાં આવે છે, કારણ કે જયારે તમે કોઈ પણ સાધના કરો છો ત્યારે શરીરમાં એક ર્જાનું નિર્માણ થાય છે. આ ર્જા ધરતીમાં ન જતાં તમારા પર પાછી ફરે એ માટે આસન પાથરવામાં આવે છે. મંદિર હોય કે ઘરમાંનું પૂજાસ્થાન હોય, ત્યાં પૂજા-પાઠ કે મંત્ર-જપ કરવા બેસીએ ત્યારે પલાંઠી વાળીને અથવા પદ્માસન કે સિદ્ધાસનમાં બેસવાનું કહેવામાં આવે છે. આની પાછળ પણ વિજ્ઞાન છે. આવા આસનમાં એટલે કે પગ જોડીને તેના પર આપણા હાથ ગોઠવીએ છીએ ત્યારે આપણા શરીરની ર્જા વર્તુળાકારમાં ફરે છે. આપણા શરીરની આ ર્જા અથવા વિધુત બહાર ન જતાં એક સર્કિટનું નિર્માણ કરે છે. આ સર્કિટ બનાવતાં આવડી જાય અને એના પર હથોટી આવી જાય તો વિચારોનો કોલાહલ સહજતાથી કાબૂમા આવી જાય છે મનને મારીમચડીને એકાગ્ર કરવું નથી પડતું, પણ એ એકાગ્ર થવા માંડે છે. ભીતરની ચેતના સાથે જોડાણ કરવામાં સુગમતા થાય છે. આ જ આખી પ્રક્રિયા જયારે ગુંબજ આકાર નીચે બેસીને કરીએ છીએ ત્યારે મંત્રોના ઉચ્ચારણ દ્વારા કરવામાં આવેલો ધ્વનિ અને એનો પ્રતિધ્વનિ જે ગુંબજ પર અથડાઈને, સમેટાઈને આપણા પર પાછો ફરે છે એની સાથે આપણી ભીતરની ઉર્જાનું તાદાત્મ્ય સર્જાય ત્યારે અદ્‌ભૂત પરિણામ આવે છે. ભગવાન ફક્ત મંદિરમાં નથી વસતા એ સત્ય છે, પણ મંદિર માધ્યમ બની શકે છે ભીતરના ભગવાન સુધી પહોંચવાનું.

## ઈન્ડોનેશિયામાં જ્વાળામુખી ફાટતાં લોકોમાં વ્યાપક ભય

માઉન્ટસીનાબુંગ,તા.૩

ઈન્ડોનેશિયાના સુમાત્રા દ્વીપમાં છેલ્લા ઘણા મહિનાઓથી સક્રિય માઉન્ટસીનાબુંગ જ્વાળામુખીથી નીકળી રહેલા ગરમ પથ્થર અને રાખના સકંજામાં આવવાથી ૧૬ લોકોના મોત થઈ ચૂક્યા છે. ઈન્ડોનેશિયામાં જ્વાળામુખી ફાટ્યા બાદથી લોકોમાં દહેશત ફેલાઈ ગઈ છે. જ્વાળામુખી શનિવાર સવારથી જ સક્રિય થયેલો છે. સાડા ચાર કિલોમીટરના વિસ્તારમાં તેની અસર જોવા મળી રહી છે. અધિકારીઓનું કહેવું છે કે મૃત્યુ પામના લોકોની સંખ્યામાં વધારો થઈ શકે છે. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં જ્યારે આ જ્વાળામુખી ફાટ્યો હતો ત્યારે લોકોને અહીંથી સુરક્ષિત સ્થળોએ મોકલી દેવામાં આવ્યા હતા. આ જ્વાળામુખી શાંત થયા બાદ ગયા શુક્રવારના દિવસે લોકોને પરત ફરવાની મંજૂરી આપવામાં આવી હતી પરંતુ શનિવારના દિવસે જ જ્વાળામુખી ફરી ફાટી ગયો હતો. નેશનલ ડિઝાસ્ટર મિટીગેશન એજન્સીના પ્રવક્તાએ કહ્યું છે કે બચાવ ટુકડીએ શનિવારના દિવસે ૧૪ મૃતદેહ અને ત્રણ દાઝી ગયેલા મૃતદેહને બહાર કાઢ્યા હતા. મોતનો આંકડો હવે ૧૬ ઉપર પહોંચી ચૂક્યો છે. જ્વાળામુખીના કારણે ભારે દહેશત પણ ફેલાયેલી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઈન્ડોનેશિયામાં વારંવાર જ્વાળામુખી ફાટવાના બનાવ બને છે. અત્રે નોંધનીય છે કે વર્ષ ૨૦૧૦થી પહેલાં માઉન્ટસીનાબુંગમાં છેલ્લા ૪૦૦ વર્ષ સુધી કોઈપણ પ્રકારની હિલચાલ નજરે પડી ન હતી. જ્યારે ૨૦૧૦માં આ જ્વાળામુખી સક્રિય થયો હતો ત્યારથી ભારે દહેશત રહી છે. ૩૦ હજારથી વધારે લોકોને પોતાના ઘરોને છોડીને સુરક્ષિત સ્થળો ઉપર જવાની ફરજ પડી છે. માઉન્ટસીંનાબુંગ ઈન્ડોનેશિયામાં સક્રિય થયેલા ૧૩૦ જ્વાળામુખી પૈકીના એક છે. ઈન્ડોનેશિયામાં કુદરતી હોનારતો સતત થતી રહે છે. ઈન્ડોનેશિયાને વિશ્વના સૌથી મોટા ભૂકંપ પ્રભાવિત ક્ષેત્ર તરીકે ગણવામાં આવે છે. ઈન્ડોનેશિયામાં રહેતા લોકોમાં હમેશા દહેશત રહે છે. થોડાક વર્ષો પહેલા ઈન્ડોનેશિયામાં વિનાશકારી ભૂકંપ બાદ સુનામી ત્રાટકતા લાખો લોકોના મોત થઈ ગયા હતા. દેશો તેના સકંજામાં આવી ગયા હતા જેમાં થાઈલેન્ડસ ભારતના દરિયાકાંઠાના રાજ્યોનો સમાવેશ થાય છે.

**પ્રસંગસર** (પાના નં. ૪ નું ચાલુ)

શાસ્ત્રીજી મહારાજને ગુરૂની આજ્ઞા સૌથી વહાલી હતી એટલે તેમણે ગુરૂના વચને જીવનની હોડમાં મુકી દીધું હતું. અનેક વિઘ્નોની પરંપરા પછી પણ જાણે અપૂરતું હોય તેમ શાસ્ત્રીજી મહારાજનો ધોળાં પહેરવવાનું નક્કી થયું. ભગવા ઉતારી લે એ સાધુનું સૌથી મોટું અપમાન કહેવાય... આવું ભયંકર અપમાન એમણે સહન કર્યું, કેવળ ગુરૂ વચનને અદ્ધર ઝીલવા. આમ જોઇએ તો શાસ્ત્રીજી મહારાજની જીવનની પ્રત્યેક પળ ગુરૂને રાજી કરવા માટે જ હતી. જે રીતે શાસ્ત્રીજી મહારાજે ભગતજી મહારાજને આજ્ઞા પાળી તે રીતે જ જાગાસ્વામીના વચને પણ અદ્ધર ઝીલ્યા. જાણે સત્સંગમાં શિષ્યનો ઉત્તમ આદર્શ પ્રસ્થાપિત કર્યો.

શ્રીહરિએ પ્રસ્થાપિત કરેલા નિયમોને સારધાર પાળી શાસ્ત્રીજી મહારાજે એકાંતિક ધર્મની આજ્ઞાપાલનતાનો ઉચ્ચત્તર આદર્શ પુરવાર કર્યો. નિષ્કલંક સાધુતાસભર તેમનાં જીવનને જોઇ સૌ તેમનાં પ્રશંસક બની જતાં. વરતાલ સંસ્થાના વયોવૃદ્ધ કોઠારી જેઓનું બ્રહ્મચર્યનિષ્ઠ અને નિર્લેભી જીવન વરતાલના ૨૦૦૦ સાધુઓનું માન મુકાવતું. તેઓની આગળ સાધુઓ પોતાની થયેલી ભૂલનું પ્રાયશ્ચિત માંગતા અને દંડવત પણ કરતા. આવા કાર્યદક્ષ, વિચક્ષણ અને સ્વધર્મનિષ્ટ કોઠારી ગોરર્ધનદાસ શાસ્ત્રીજી મહારાજની સાધુતા વિશે અત્યંત પ્રતીતિપૂર્વક કહેતા : 'આ વરતાલમાં ૨૦૦૦ ત્યાગીઓ છે. તેમાં શાસ્ત્રી યજ્ઞપુરૂષોત્તમદાસ જેવો સર્વ પ્રકારે સ્ત્રી-ધનનો ત્યાગી મેં હજુ સુધી કોઇ દીઠો નથી. જો યજ્ઞપુરૂષ સ્ત્રી-ધનમાં ચૂકે તો હું મારૂં માથું ડૂલ કરૂં.' આવા અનેક ઉદ્‌ગારો આદર્શ આજ્ઞાપાલક શાસ્ત્રીજી મહારાજના વ્યક્તિત્વનાં દર્શન કરાવે છે.

શાસ્ત્રીજી મહારાજની આત્મવિશ્વાસથી છલકતી તેજસ્વી આંખો, યાતનાભર્યા સંઘર્ષમાં પણ ખુમારી અને ઉત્સાહમાં તરબોળ એમનું વ્યક્તિત્વ, ભીષણ, સંજોગોમાં કદી તુટી ન પડવાની એમની નિશ્ચલતા, ધીરજ, સ્વરૂપનિષ્ઠા, સ્વધર્મનિષ્ઠા, સિદ્ધાંતનિષ્ઠા, ગુરૂનિષ્ઠા અને સહજાનંદી સાધુતાથી અભિભૂત થઇ ગુજરાતના મૂર્ધન્ય સાહિત્યકાર અને વિચક્ષણ રાજકીય નેતા કનૈયાલાલ મુનશી બોલી ઊઠ્યા હતા : 'સ્વામિનારાયણ ભગવાન પછી આશરે દોઢસો વર્ષ પછી તેમનાં જ ઐશ્વર્ય, પ્રતાપ, દિવ્યતા અને યોગીન્દ્રપણાન વારસો આ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજમાં પુરેપુરો જોઇ શકાય છે. જો આ મહાપુરૂષને વરતાલવાળાઓએ બરાબર ઓળખ્યા હોત અને તેઓશ્રી વરતાલ રહ્યા હોત તો આજે સમગ્ર હિન્દુસ્તાનમાં ઘરે ઘરે સ્વામિનારાયણનું ભજન થતું હોત.'

જેમ સૂર્ય તમામ ચંદ્ર, તારા કે નક્ષત્રના તેજને ક્ષીણ કરી સ્વતંત્ર થકી વિચરે છે તેમ શાસ્ત્રીજી મહારાજ પણ પૃથ્વી પરના જીવપ્રાણીમાજ્ઞના પ્રભાવ-પ્રતિભાને ક્ષીણ કરી સૂર્ય સમાન તેજસ્વી વ્યક્તિત્વથી વિચરી રહ્યા હતા. વિશ્વમાં ૧૧૦૦ મંદિરો, ૫૦ જેટલી સ્કુલ-હોસ્પિટલો, ૯૦૦થી વધુ સંતો તથા લાખો હરિભક્તો ધરાવતી અને વિશ્વના ૮૦ થી વધુ દેશોમાં ભારતીય સંસ્કૃતિને ફેલાવનાર-શ્રી અક્ષરપુરૂષોત્તમની શુદ્ધ ઉપાસના આપનાર BAPS સંસ્થાના આદ્ય સંસ્થાપક અને પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના ગુરૂ શાસ્ત્રીજી મહારાજનાં જન્મને ૧૫૦ વર્ષ પૂર્ણ થાય છે, એમની સ્મૃતિરૂપે સાર્ધ શતાબ્દી વર્ષ ઉપક્રમે કોટી કોટી વંદન કરીએ.